# નામજપ શા માટે અને કયો કરવો ?

(Which Deity's Name should we
chant and why ? - Gujarati)

---

## ગ્રંથનું મનોગત

સર્વસામાન્ય રીતે માનવીના જીવનમાં સુખ ઓછું અને દુ:ખ વધારે હોય છે. દુ:ખ સહન કરવાની શક્તિ ભગવાનના નામજપમાંથી મળે છે. ભગવાન 'સત્-ચિત્-આનંદ' સ્વરૂપ હોવાથી તેમના નામનો જપ નિરંતર કરવાથી જીવન આનંદી બને છે.

કાળમાહાત્મ્ય અનુસાર વર્તમાનના સૂક્ષ્મમાંના સંકટકાળમાં અનિષ્ટ શક્તિઓના ત્રાસનું પ્રમાણ પુષ્કળ વધ્યું છે. લગભગ પ્રત્યેક માનવીને જ ઓછા-વત્તા પ્રમાણમાં અનિષ્ટ શક્તિઓના ત્રાસ થઈ રહ્યા છે. તે ત્રાસને કારણે માનવીનું જીવન સમસ્યાયુક્ત અને દુ:ખી તો બને જ છે, તેમજ તેની સાધના પણ સરખી થતી નથી. તે માટે પ્રમુખતાથી અનિષ્ટ શક્તિઓના ત્રાસના નિવારણ માટે નામજપ કરવાનું આવશ્યક બને છે. તે કરીને આધ્યાત્મિક ઉન્નતિ માટે પણ કયો નામજપ કરવો, એ સદર લઘુગ્રંથમાં વિશદ કર્યું છે. સાધકની સાધનામાંના વર્ષ, તેનામાં સાધકત્વ નિર્માણ થયું છે કે નહીં અને તે સમષ્ટિ સાધના (ઉદા. અધ્યાત્મપ્રસારની સેવા) કરતો હોય કે ન હોય આ પરિબળો અનુસાર સાધકની સાધનાના તે તે સોપાન અનુસાર તેણે કયો નામજપ કરવો, એ પણ સદર લઘુગ્રંથમાં વિશદ કર્યું છે. નામજપ સાથે જ મુદ્રા અને ન્યાસ કરવો, તેમજ સ્વભાવદોષ અને અહમ્-નિર્મૂલન માટે 'સ્વયંસૂચના' આપવી લાભદાયક હોવા પાછળનું શાસ્ત્ર પણ સ્પષ્ટ કર્યું છે.

'આ લઘુગ્રંથમાં આપ્યું છે તે પ્રમાણે નામજપ કરીને સહુકોઈએ શીઘ્ર આધ્યાત્મિક ઉન્નતિ કરી લેવી', એ જ શ્રી ગુરુચરણોમાં પ્રાર્થના ! - સંકલક

---

# અનુક્રમણિકા


* મનોગત ૮
૧. 'નામસંકીર્તનયોગ'ની વ્યાખ્યા ૧૦
૨. જપ ૧૦
૩. નામનું મહત્ત્વ ૧૧
૪. અનિષ્ટ શક્તિઓના ત્રાસનું નિવારણ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે
કયા નામજપ ઇત્યાદિ ઉપાયો કરવા ? ૧૨
* અનિષ્ટ શક્તિઓના ત્રાસ દૂર કરવાની આવશ્યકતા ૧૨
* 'સ્વયંસૂચના' એટલે શું ? ૨૧
* 'સ્વયંસૂચના સત્ર' એટલે શું ? ૨૨
* મુદ્રા અને ન્યાસની ટૂંકમાં જાણકારી ૨૬
* સાંપ્રદાયિક જપની મર્યાદા ૬૮
૫. નામજપ કરવા સંબંધી કેટલીક વ્યવહારિક સૂચનાઓ ૭૦
* મેરુમણિ ઓળંગવો નહીં ૭૦
* માળા પોતાની ભણી ફેરવવી ૭૧
* તબક્કે તબક્કે નામજપ વધારવો ૭૫
* 'અનિષ્ટ શક્તિઓનો સાધકોને થનારો ત્રાસ' આ સંજ્ઞાનો અર્થ ૭૭